# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2557 ❖ શ્રાવણ પૂર્ણિમા ❖ 10 ઓગષ્ટ 2014 ❖ વર્ષ – 14 ❖ અંક – 5 ❖ સળંગ અંક - 173


## ધમ્મવાણી

वाचानुरक्खी मनसा सुसंवुतो,
कायेन च नाकुसलं कयिरा।
एते तयो कम्मपथे विसोधये,
आराधये मग्गमिसिप्पवेदितं।।

વાણી ને સંયત રાખો, મનને સંયત રાખો અને શરીરથી કોઇ અકુશળ (કામ) ન કરો. આ ત્રણેય કર્મપથોનું (કર્મેન્દ્રિયોનું) વિશોધન કરો. ઋષિએ (બુદ્ધે) દેખાડેલા (અષ્ટાંગિક) માર્ગનું અનુસરણ કરો.

## આંતરિક શાંતિના ધર્મદૂત : શ્રી સત્યનારાયણ ગોયન્કા

**સ્વર્ણિમ વર્ષ....**

શ્રી ગોયન્કાજીને ભારત આવવાનો અવસર સને ૧૯૬૯માં પ્રાપ્ત થયો. તેમનાં મતા–પિતા પહેલેથી જ ભારત આવી ગયેલાં અને તેમનાં માતાજી બીમાર પડી ગયેલાં. બર્મા સરકાર ગોયન્કાજીને ભારત જઇને બીમાર માને જોવાની અનુમતિ આપવા તૈયાર હતી. ભારતની યાત્રાનો આરંભ થતાં પહેલાં ગોયન્કાજી સાયાજી ઊ બા ખિને તેમને વિધિવત વિપશ્યનાચાર્ય તરીકે નિયુક્ત કર્યા. બર્મામાં ભારતીયો માટે બે શિબિર એવી થઇ જેમાં સયાજીના સાન્નિધ્યમાં શ્રી ગોયન્કાજીએ શિબિરનું સંચાલન કર્યું ; અહીં શિબિરસ્થળ એવું જ પસંદ કરાએલું જેવું તેમને ભારતમાં જઇને મળવાનું હતું. માંડલે શહેરની બજારમાં અગાશી પર એક શિબિર થઇ જે બે થિયેટરોની વચ્ચે હતી! ત્યાં ફિલ્મી ગીતો મોટા અવાજે વાગતાં હતાં. નિવાસ તરીકે વાસની ચટાઇમાંથી બનાવેલી ઝૂપડીઓ હતી. પરંતુ તેને લીધે સાધક જરા પણ વિચલિત ન થયા. ગોયન્કાજીને પોતાના આચાર્યના સાન્નિધ્યમાં આવી શિબિરનું સંચાલન કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું.

પહેલી વાર સાયાજીની બાજુમાં બેસીને ગોયન્કાજીએ એવા પ્રવચનો કર્યા જેને લીધો તેઓ ખૂબ લોકપ્રિય બન્યા. શિબિરમાં બધા ભારતીય સાધકો હતા તેથી ગોયન્કાજીએ પ્રવચનો હિન્દીમાં કર્યાં સાયાજી હિન્દી સમજી શક્તા હતા પરંતુ બોલી શકતા ન હતા. ઘણી વાર તેઓ ગોયન્કાજીના કાનમાં કહેતા કે હવે તેમને બુદ્ધના કેટલાક શિષ્યોના બારામાં કહો, માતા વિશાખા વિશે કહો, અંગુલિમાલ વિશે કહો વગેરે અને ગોયન્કાજી પોતાની વાત છોડીને સયાજીના નિર્દેશાનુસાર પ્રવચન કરવા લાગતા. બાદમાં કહેતા કે પ્રવચન કરવું તેમના માટે એટલું સ્વાભાવિક થઇ ગયેલું જાણે કે પાણી નો નળ ખોલી દેવાનો હોય ! અનાયાસ જ તેમના મુખેથી શબ્દોનો ધારાપ્રવાહ નીકળવા લાગતો.

**ભારતમાં....**

જૂન ૧૯૬૯ માં શ્રી ગોયન્કાજી વિમાનમાં રંગૂનથી કલકત્તા આવ્યા. આચાર્ય સયાજીની વિદાય લઇ રહ્યા હતા ત્યારે સયાજીએ તેમને કહ્યું ''તું એકલો નથી જઇ રહ્યો, હું પણ જઇ રહ્યો છું, ધર્મ જઇ રહ્યો છે!'' સયાજી ઊ બા ખિન પોતે બર્મા છોડી શકે તેમ ન હતા, પરંતુ પોતાના પ્રિય શિષ્યને ધર્મદૂત બનાવીને પોતાના પ્રતિનિધિ રૂપે મોકલી રહ્યા હતા.

શ્રી ગોયન્કાજીને એ ખબર હતી કે આ એક ઐતિહાસિક ક્ષણ છે, છતાં પણ તેમના મનમાં એ જ વિચાર ચાલતો હતો કે ભારતમાં તેમણે થોડાક દિવસો પૂરતું જ રહેવાનું છે અને શીઘ્ર પોતાની પ્યારીજન્મભૂમિ તથા આદરણીય આચાર્ય પાસે આવી જશે. પરંતુ હકીકત એ બની કે તેઓ બે દસકા પછી જ બર્મા જઇ શક્યા !

તેઓએ દેશમાં આવ્યા જયાં તેમને બહુ જ થોડા લોકો ઓળખતા હતા અને ભગવાન બુદ્ધની શિક્ષાને હીન ભાવનાથી જોતા હતા. લોકો 'વિપશ્યના' શબ્દ જ ભૂલી ગયા હતા. પરંતુ પોતાના પરિવારના સહયોગથી શ્રી ગોયન્કાજી મુંબઇમાં પ્રથમ દસ–દિવસીય શિબિર કરવામાં સફળ થયા. તેમાં ભાગ લેનારાઓમાં માતા–પિતા, કેટલાક અન્ય લોકો તથા ફ્રાંસની એક મહિલા હતી. શિબિરના છેલ્લા દિવસે તે મહિલાએ ગોયન્કાજીને પોતાના દેશમાં આવવા નિમંત્રણ આપ્યું. શ્રી ગોયન્કાજીએ તેને દસ વર્ષ બાદ નિમંત્રણ પાઠવવા કહ્યું.

એક શિબિર પછી બીજી પછી ત્રીજી આમ તેમની માતૃભૂમિમાં ધર્મચક્ર પુનઃ ચાલવા લાગ્યું તેઓ સમજી ગયા કે બર્મા પાછા જવા માટે તેમણે હજુ પ્રતીક્ષા કરવાની છે. અહીંના લોકો વિપશ્યના શીખવા ખૂબ ઉત્સુક હતાં; ભલા ધર્મદૂત તેનો અસ્વીકાર કરી રીતે કરી શકે.?

શ્રી ગોયન્કાજી ખીચોખીચ ભરેલી ભારતીય રેલ્વેના ત્રીજા વર્ગમાં દેશના એક છેડેથી બીજે છેડે યાત્રા કરતા; કોઇ જૂના સાધકો તો હતા નહીં જેઓ તેમની મદદ કરે! તેથી તેઓ જયાં જયાં શિબિર માટે જતા ત્યાંની વ્યવસ્થાની પણ દેખરેખ કરતા; સાધકો સાથે બેસીને ભોજન પણ કરી લેતા; અનેક સ્થળોએ તંબુ જ ધ્યાન હોલનું કામ કરતા. રાજગિરમાં એક વખત આંધીને કારણે તંબુ ઊડી ગયો, પરંતુ બીજે દિવસે સવારે ગોયન્કાજી પોતાની ધમ્મસીટ પર બિરાજમાન હતા અને સાધકોને પ્રોત્સાહિત કરવા માટે પ્રાતઃકાલીન દૈનિક વંદના કરી રહ્યા હતા!

પરિસ્થિતિ ખરાબ હતી. તેમની પાસે પૈસા પણ ઓછા હતા અને મદદ પણ ઓછી હતી. થોડા વખત માટે તેઓ એકલા હતા કેમકે તેમના પત્ની શ્રી ઈલાયચી દેવી (સાધકો તેમને માતાજી કહે છે) બર્મામાં જ હતાં . છતાં પણ તેઓ પ્રસન્ન દેખાતા; કારણ કે તેઓ એ જ કાર્ય કરી રહ્યા હતા જેના માટે તેમણે જન્મ લીધેલો હતો.

પ્રારંભિક વર્ષોમાં કેવળ હિન્દી માધ્યમથી વિપશ્યના શિખવવામાં આવતી હતી. તેઓ અંગ્રેજી જાણતા હતા પરંતુ એટલી જ જે તેમના વ્યાપારમાં જરૂરી હતી. તેઓ વિચારતા કે અંગ્રેજી ભાષા પર તેમનુ પ્રભુત્વ વિપશ્યના શિખવવા જેટલું નથી. પરંતુ જેમ જેમ તેમની પ્રસિદ્ધિ વધી તેમ તેમ વિદેશી સાધકો તેમની પાસેથી સાધના શીખવા તથા પ્રવચન કરવાની માગણી કરવા લાગ્યા.

છઠ્ઠા દસકાના અંતમાં તથા સાતમા દસકાના પ્રારંભમાં પશ્ચિમી દેશોના ઘણા લોકો ભારતમાં આવ્યા. તેમને કોઇ એવી અનોખી ચીજ

(અધ્યાત્મ)ની ખોજ હતી જેના વિશે તેઓ સ્વયં જાણતા ન હતા!

તેમનામાંના કેટલાક લોકોએ શ્રી ગોયન્કાજીની શિબિરમાં બેસવાની ઈચ્છા વ્યક્ત કરી પરંતુ ગોયન્કાજીએ ભાષા સંબંધી પોતાની મુશ્કેલી જણાવી. હતોત્સાહ થયા વિના એ સાધકોએ બર્માંમાં સયાજી ઊ બા ખિનને પત્ર લખ્યો. તુરંત રંગૂનથી સયાજીનો સંદેશો આવ્યો જેમાં તેમણે ગોયન્કાજીને અંગ્રેજીમાં શિબિર સંચાલાન કરવાનો આદેશ હતો. હંમેશની માફક ગોયન્કાજીએ પોતાના આચાર્યના આદેશનું પાલન કર્યું.

અંગ્રેજી માધ્યમથી સંચાલિત પ્રથમ શિબિર ૧૯૭૦ માં ડેલહાઉસીમાં થઇ. ડેલહાઉસી હિમાલયમાં એક પહાડી પર્યટન સ્થળ છે. ત્યાં અને પછીથી બોધગયામાં, જ્યાં બુદ્ધને સંબોધિ પ્રાપ્ત થયેલી તે સ્થળે. પશ્ચિમી દેશોમાંથી આવેલા સાધકોની શ્રી ગોયન્કાજી પાસે આવવાની ભીડ ઉમટી. તેમનામાંના કેટલાક તો અર્ધનગ્ન રહેતા અને હિંદુ સન્યાસીઓની માફક લાંબા વાળની જટા રાખતા. કેટલાક તો સમુદ્ર કિનારે ટહેલવા નીકળેલા પર્યટકો જેવા વસ્ત્રો પહેરતા. મોટા ભાગના પુરુષો દાઢી વધારેલા હતા અને મહિલાઓના વાળ પીઠ પર ખુલ્લા લહેરાતા કારણ કે તેઓ ભારતીય મહિલાઓની માફક ઓળીને અંબોડો ન વાળતી. છતાં પણ તેમના અસ્તવ્યસ્ત ચહેરાઓથી ગોયન્કાજીને કશો ફરક ન પડયો. તેમની પાસે જે જે લોકો આવ્યા તેમને તેમણે ધર્મ આપ્યો. કેટલાકે દસ દિવસીય શિબિર કરીને ફરીથી દેખા જ ન દીધી. કેટલાક તો ગોયન્કાજી જે દેશમાં જતા ત્યાં જઇને શિબિર કરતા. તેમાના કેટલાક લોકો એવા હતા જેઓ પાછળથી ભિન્ન ભિન્ન પરંપરાઓમાં જોડાઇને ખૂબ પ્રસિદ્ધ થયા. કેટલાક એવા છે જેમની ગોયન્કાજીએ વિપશ્યનાના સહાયક આચાર્ય, વરિષ્ઠ સહાયક આચાર્ય તથા આચાર્ય તરીકે નિમણૂંક કરી છે.

કોફી શોપ, રેસ્ટોરાં કે જ્યાં પશ્ચિમી યાત્રિકો ભોજન લેતા હતા ત્યાં ફટાફટ વિપશ્યના શિબિરની તારીખોની જાણ થવા લાગી. ક્યારેક ગોયન્કાજીનો ઉલ્લેખ 'ગાયક ગુરુ' તરીકે કરવામાં આવતો કારણ કે તેમનો અવાજ ખૂબ ગંભીર અને મધુર હતો. આ મધુર અને ગંભીર સ્વરે બુદ્ધની ગાથાઓનો તથા સ્વરચિત હિન્દી-રાજસ્થાની દોહાનો તેઓ પાઠ કરતા. ઠંડીથી થરથરતી સવારે કે સમી સાંજે ધમ્મહોલના શાંત વાતાવરણમાં તેમનો સ્વર ગૂંજતો ને લોકોને આરામ, પ્રોત્સાહન અને માર્ગદર્શન આપતો.

જ્યારે શિબિર શરૂ થતી ત્યારે તેઓ શાંતિપૂર્વક બેસીને ત્યાં સુધી પ્રતીક્ષા કરતા રહેતા જ્યાં સુધી સાધકો પોતપતાની જગ્યાએ આસન બિછાવીને ચૂપ ન થઇ જતા પછી તેઓ બોલવાનું શરૂ કરતા અને થોડી જ ક્ષણોમાં એ ભાડે લીધેલા, ભાંગ્યા-તૂટ્યા ખંડનો અથવા તંબુનો કાયાકલ્પ થઇ જતો અને તેઓ કાલાતીત થઇ જતા જ્યાં બધાં પોતાના આંતરિક સત્યના મોહક અન્વેષણમાં લાગી જતા. શ્રી ગોયન્કાજી કલાકો સુધી પોતાના સાધકો પાસે રહેતા. તેઓ જે કાંઇ કરતા તેમાં હર ક્ષણ જીવંત રહેતા. વંદના હોય, કે દિવસ દરમ્યાન વિપશ્યના કરવાનું શીખવતા હોય કે સાંજનું પ્રવચન હોય. ધર્મ તેના મુખેથી વહ્યા કરતો.

પ્રતિદિન રાત્રે નવ વાગ્યે કાર્યક્રમ સમાપ્ત થતો. દિવસનો આરંભ ઉષા પૂર્વે જ થઇ જતો. દિવસભર કામ કરીને સાધકો થાકી જતા છતાં મોટે ભાગે તેઓ ધમ્મહોલમાં જ રહેતા. સાંજે પૂછાતા પ્રશ્નોનો મોકો તેઓ ચૂકવા ન માગતા. કાં તો તેઓ કતારબદ્ધ ઊભા રહેતા અથવા ગોયન્કાજીના આસન પાસે ટોળે વળતા. કેટલાક પ્રશ્નકર્તા તો સ્પષ્ટ રૂપે ગોયન્કાજીને પડકાર ફેંકવા માગતા તો કેટલાક તેમની સાથે વાદ-વિવાદ કરવા માગતા. કેટલાક એવા પણ હતા જેઓ ખરા અર્થમાં કિંકર્તવ્યમૂઢ અથવા અશાંત હતાં. કેટલાક એવું ઈચ્છતા કે ગોયન્કાજી તેમના જ મતને ખરો કહે! કેટલાક તેમને જ ખોટા સાબિત કરવા માગતા. ગોયન્કાજી હસતાં હસતાં ખૂબ પ્રેમથી એક એક કરીને લગભગ બધાંના પ્રશ્નનો ઉત્તર આપતા. પછીથી ભલે તેમના શબ્દો યાદ ન હોય પરંતુ તેમને લાગતું કે ઉત્તર મળી ગયો છે.

શિબિરના અંતે સમાપન-પ્રવચન આપતા અને થોડી વાર સાધકો સાથે ધ્યાન કરતા અને પછી હિન્દીમાં 'સબ કા મંગલ હો' ગાતાં ગાતાં હોલની બહાર નીકળતા. ધીરે ધીરે તેમનો અવાજ ધીમો થતો જતો અને પછી બંધ થઇ જતો. સાધકો ભારતના કોઇ શહેરના ભાંગ્યા-તૂટયા ઓરડામાં પાછા પહોંચી જતા જ્યાં ખૂમચાવાળા પોતાનો માલ વેંચવા હાંક પાડતા હોય અથવા કૂતરા ભસતા હોય ત્યાં તેઓ પોતાના મિત્રો, પ્રમિકાઓને મળતા, પત્રો લખતા, વાંચતા અથવા ટ્રેઇન પકડવાની યોજના ઘડતા.

પરંતુ તેમાના મોટા ભાગના સાધકોમાં ઘણું બધું બદલાએલું જણાતું. હવે તેમનું જીવન અગાઉની માફક નહિ જ હોય.

**ઋણ ચૂકવવાનો ઉપાય :**

શ્રી ગોયન્કાજી પોતાના ગુરુ સાયાજી ઊ બા ખિનને ઉપરોક્ત બધી વાતોની જાણ કરતા રહેતા. ઊ બા ખિનને તેમના પત્રો વાંચવા બહુ ગમતા એક શિબિરમાં ૩૭ સાધક બેઠા તો ઊ બા ખિને પ્રસન્ન થઇને કહ્યું, ''૩૭ સાધક અર્થાત ૩૭ બોધિપક્ષીય ધર્મ!'' બોધિપક્ષીય ધર્મ પાલિ સાહિત્યમાં એક પારિભાષિક શબ્દ છે. જ્યારે ગોયન્કાજીએ લખ્યું કે સો સાધકોની એક શિબિરનું સંચાલન કર્યું ત્યારે સયાજી ખૂબ ખુશ થયા. તે વખતે લોકોને એ ખ્યાલ પણ નહીં આવ્યો હોય કે આગળ જતાં આવી શિબિર નાની શિબિર ગણાવાની છે!

જાન્યુઆરી ૧૯૭૧માં ગોયન્કાજી બોધગયાના બર્મીઝ બૌદ્ધ વિહારમાં શિબિર સંચાલન કરી રહ્યા હતા. તે વખતે એક તાર આવ્યો; સયાજી ઊ બા ખિન હવે આ દુનિયામાં નથી રહ્યા! ગોયન્કાજીએ સાધકોને કહ્યું, ''દીવો ઓલવાઇ ગયો!'' તેમને સયાજીનો અભાવ ડંખ્યો, પરંતુ તુરંત જ તેમણે અનુભવ્યું કે સયાજીનું સાન્નિધ્ય તેમને અગાઉ કરતાં કેટલું યે અધિક પ્રાપ્ત છે! તેમને લાગ્યું જાણે સયાજીએ ભારત આવીને તેમનો સાથ દેવાનો પ્રારંભ કરી દીધો છે!

વિપશ્યનાની શિબિરો કરવા સિવાય હવે કરવાનું પણ શું હતું? તેમના આચાર્યે તેમની સહાયતા ત્યારે કરેલી જ્યારે માઇગ્રેનથી છૂટકારો પામવાનો અન્ય કોઇ ઉપાય ન હતો. ઊ બા ખિને તેમને ખૂબ પ્રેમથી વિપશ્યનાની સાધના શીખવી અને એવું પ્રશિક્ષણ આપ્યું કે તેઓ સ્વયં શીખવી શકે. સયાજીએ ગોયન્કાજીને એક આચાર્ય તરીકે નિયુક્ત કરેલ અને એક ધ્યેય સાથે ભારત મોકલેલા. તેઓ એ ધ્યેયની સફળતા માટે જીવનપર્યંત કામ કરવા માગતા હતા.

શિબિરના પ્રત્યેક દિવસે પ્રાતઃકાળની વંદનામાં તેઓ કહેતા :

**रोम रोम कीरतग हुआ, ऋण न चुकाया जाय ।**

**जीऊँ जीवन धरम का, दुखियन बाँटूं धरम रस यही उचित उपाय।।**

અને તેમણે એ જ કર્યું ભારતના દક્ષિણ છેડાથી હિમાલય સુધી, પશ્ચિમી ગુજરાત તથા રાજસ્થાનની મરૂભૂમિથી બંગાળ સુધી તેઓ અવિરત ફરતા રહ્યા. પ્રાકૃતિક દશ્યો બદલ્યાં, ચહેરા બદલ્યાં, તેઓ પણ બદલ્યા-વૃદ્ધ થયા, પરંતુ ધર્મયાત્રા ચાલુ રહી.

**ધમ્મગિરિ :**

શરૂઆતનાં કેટલાંક વર્ષો સુધી શિબિરનું સ્થળ સુનિશ્ચિત ન હતું. ક્યારેક કોઇ આશ્રમમાં કોઇ વિહારમાં, કોઇ દેવળમાં, કોઇ નિશાળમાં, કોઇ ધર્મશાળામાં, છાત્રાલયમાં કે આરોગ્ય ભવનમાં જ્યાં પણ સસ્તા દરે નિવાસ પ્રાપ્ત થતો ત્યાં શિબિરો થતી. દરેક જગ્યાએ કામ તો ચાલતું પરંતુ કોઇને કોઇ ક્ષતિઓ રહી જતી, અસુવિધાઓ રહેતી. આવા પ્રત્યેક સ્થળે શિબિર કરતાં પૂર્વે કાંઇક ને કાંઇક કરવું પડતું, કાંઇક નવું બનાવવું પડતું અને શિબિર સમાપ્ત થયે તોડવું પણ પડતું. તેથી એવા સ્થળની શોધ શરૂ થઇ જે કેવળ વિપશ્યના માટે જ હોય, જ્યાં આખું વરસ શિબિરો થતી રહે.

૧૯૭૩ ના અંતમાં જ્યારે ગોયન્કાજી દેવલાલીની શિબિર સમાપ્ત કરીને મુંબઇ પાછા ફરી રહ્યા હતા ત્યારે રસ્તામાં ઈગતપુરીમાં

ધમ્મસેવકોની કાર્યશાળા તથા
જૂના સાધકોનો સેમિનાર
તા. ૨૩ ઓગસ્ટ ૨૦૧૪ સવારે ૧૦ વાગ્યાથી
તા. ૨૪ ઓગસ્ટ ૨૦૧૪ સાંજે ૪ વાગ્યા
સુધી રહેશે. શકયતઃ તા. ૨૨ ઓગસ્ટ
રાત્રિ સુધી ધમ્મકોટ પહોંચી જશો.
અન્યથા, મોડામાં મોડું તા. ૨૩ ઓગસ્ટ
સવારે ૯ વાગ્યા સુધીમાં પહોંચી જશો.
આપનું આવેદન પત્ર વહેલું મોકલી આપવા
વિનંતી. જેથી આપને સંમતીપત્ર મોકલી શકાય.

## જૂના સાધકો માટેના સેમિનારનું આવેદન પત્ર

હું તા : ૨૩-૮-૧૪ થી તા. : ૨૪-૮-૧૪ સુધી આવવા ઇચ્છું છું.

પૂરું નામ : ______

ઉંમર : ______ પુરુષ/સ્ત્રી : ______ શિક્ષણ : ______

સરનામું : ______

______

______

ફોન : ______ મોબાઇલ : ______ ઈ-મેઈલ : ______

વ્યવસાય (નોકરી/ધંધો/વિદ્યાર્થી) કંપનીનું નામ : ______

હોદ્દો : ______ નોકરી/ધંધાની વિગત : ______

| સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મકોટ'' | કચ્છ વિપશ્યના કેન્દ્ર ''ધમ્મસિંધુ'' | ગુર્જર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મપીઠ'' | ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર-''ધમ્મ દિવાકર'' | ''ધમ્મ અંબિકા'' | : ધર્મજ : |
|---|---|---|---|---|---|
| C/o. ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ-૧. (0281) 2233666 78787 27240 (0281) 2924942 93279 23540 રજિસ્ટ્રેશન ૧૦:૦૦ થી ૦૧:૦૦ અને ૦૪:૦૦ થી ૭:૦૦ dhammakot@gmail.com | બાડા. C/o. શ્રી ઈશ્વરલાલ ચુ. શાહ, પ્રો. કે. ટી. શાહ રોડ, માંડવી. કચ્છ-૩૭૦ ૪૬૫ (02834) 273303, 273612, | અમદાવાદ રનોડા તા. ધોળકા, જિ. અમદાવાદ - ૩૮૦ ૮૧૦ (02714) 294690, (M) 94264 19397 | મીઠા મહેસાણા. C/o. ઉપેન્દ્રકુમાર પટેલ, ૭-અપના બજાર, વિમલ સુપર માર્કેટ, બી.કે. રોડ, મહેસાણા. (ઉ.ગુ.)-૩૮૪ ૦૦૨. (02762) 272800, 254634, 252345 (M) 94292 33000 | ૯૪૨૮૧ ૬૦૭૧૪ ૯૮૨૫૦ ૪૪૫૩૬ ૦૨૬૩૪-૨૯૧૧૦૦ ૦૨૬૩૪-૨૯૨૫૨૧ :: સરનામું :: નવસારી અને બિલિમોરા રેલ્વે સ્ટેશનથી ૧૫ કિ.મી., નેશનલ હાઈવે નં. ૮, બોરિયાચ ટોલનાકાની પશ્ચિમે ૨ કિ.મી. દૂર ગામ : વગલવાડ, તા.: ગણદેવી | (૦૨૬૯૭) ૨૪૫૪૬૦, ૨૪૫૩૦૨ મો. ૯૪૨૬૫ ૦૦૭૬૫ હેમંતભાઈ પટેલ |
| | ૧૦ દિવસીય શિબિરની માહિતી | | | | |
| 03-10 to 14-10-14 | 18-08 to 29-08-14 | 20-08-14 to 31-08-14 | 03-09-14 to 14-09-14 | 16-09 to 27-09-14 | 03-09-14 to 14-09-14 |
| 21-10 to 01-11-14 | 31-08 to 11-09-14 | 03-09-14 to 14-09-14 | 17-09-14 to 28-09-14 | 20-10 to 31-10-14 | 28-10-14 to 08-11-14 |
| 05-11 to 16-11-14 | 14-09 to 25-09-14 | 17-09-14 to 28-09-14 | 26-10-14 to 06-11-14 | 09-12 to 20-12-14 | 17-12-14 to 28-12-14 |
| 19-11 to 30-11-14 | | 01-10-14 to 12-10-14 | 12-11-14 to 23-11-14 | | |

એક દુકાનદાર અને મ્યુનિસિપાલિટીના એક કર્મચારીએ ગોયન્કાજીની ગાડીને ઊભી રાખવા સંકેત કર્યો શહેરની બહાર તેઓએ કેટલાંક સંભવિત સ્થળો જોઇ રાખ્યાં હતાં જયાં શિબિર કરી શકાય તેમ હતું. ગોયન્કાજીને એ સ્થળો જોવાનો તેમણે ગોયન્કાજીને અનુરોધ કર્યો. ગોયન્કાજી તૈયાર થયા, થોડા સમય પહેલાં પગનું હાડકું તૂટી જવાથી પ્લાસ્ટર મારેલું હતું તેથી બહુ વાર કર્યા વિના તેઓ જલ્દી ઘરે પહોંચવા માંગતા હતા.

પ્રથમ બે સ્થળ જોયાં જે શિબિર માટે બિલકૂલ અનુપયુક્ત હતાં, વધુ એક સ્થળ જોવાનું બાકી હતું. તેમની ગાડી એક પગદંડી પર ચાલવા લાગી જે ઘણા વખતથી વપરાએલી ન હતી. પગદંડી પર થઇને તેઓ એક ટેકરીની ટોચે પહોંચ્યા જયાં મોટા મોટા આંબા હતા જેનો છાંયડો બ્રિટીશ રાજના વખતના પુરાણા બંગલાઓ પર પડતો હતો. કેટલાક બંગલા બેહાલ હતા : ત્યાં બકરીઓ ચરતી હતી એક બંગલામાંથી બકરીઓ બહાર નીકળતી ફરી તેમાં ઘુસી જતી. આ ટેકરીની પાછળ ખાલી પહાડ પણ હતો.

શ્રી ગોયન્કાજીએ થોડી ક્ષણો માટે આંખો બંધ કરી લીધી; પછી કહ્યું, ''હા, આ સ્થળ બરાબર છે.'' તુરંત તેમની સાથે આવેલા પેલા વ્યાપારીએ એ જમીન ખરીદવાની વાત કરી. આગળ ઉપર એ ધમ્મગિરિ કહેવાયું. આ હતી તેની શરૂઆત.

કેન્દ્રનો પ્રારંભ સીધી સાદી રીતે થયો. પશ્ચિમી દેશોના કેટલાક સાધકો ત્યાં રહેવા લાગ્યા તેમણે ગોયન્કાજીને લખ્યુ કે ત્યાં રહીને સમય કઇ રીતે ગાળવો ? તેમણે ઉત્તર આપ્યો, ''ધ્યાન કરો, ધ્યાન કરો, ધ્યાન જ કરો ! પોતાની જાતને પણ સાફ કરો અને કેન્દ્રને પણ સાફ કરો!'' અને તે લોકોએ કામ શરૂ કરી દીધું; કૂવામાંથી પાણી ખેંચીને બ્રશથી સાફ કરતાં જયારે તેમને થોડી સાફ જગ્યા મળી ગઇ તો તેઓ ૬ થી ૮ કલાક ત્યાં બેસીને ધ્યાન કરતા. તુરંત થોડા અન્ય લોકો આવ્યા અને નિર્માણકાર્ય શરૂ થયું. ઓક્ટોબર ૧૯૭૬માં ધમ્મગિરિનું કેન્દ્ર વિધિવત ખુલ્યું.

આ બહુ ખુશીની પળ હતી, સાથોસાથ કઠણાઇ ભરી પણ! જેમ ઘણુ કરીને થતું હોય છે તેમ નિર્માણકાર્યમાં આવક કરતાં ખર્ચ વધી ગયો. ટ્રસ્ટે ઠેકેદારને પૈસા આપવાના હતા પરંતુ સામર્થ્ય ન હતું. તેથી પૈસા દેવા અસમર્થ હતું. જેમકે નવા બંધાએલા આચાર્ય નિવાસ માટે પૈસા ચૂકવવાની રકમ ભંડોળમાં ન હતી. જયારે ગોયન્કાજીને આ વાતની ખબર પડી તો તેમણે એ નિવાસમાં રહેવાનું નામંજૂર કર્યું. આચાર્યનિવાસમાં રહેવાને બદલે તેઓ અને માતાજી ડોરમેટ્રીમાં રહેવા જતાં રહ્યાં જયાં પાણી અને શૌચાલયની સુવિધા ન હતી. ડોરમેટ્રીની બાજુમાં એક સ્થળે વાસની ચટાઇ બાંધીને તેમના માટે સ્નાનની વ્યવસ્થા કરવામાં આવેલી. બીજા લોકો જે શૌચાલયનો ઉપયોગ કરતા તેનો જ તેઓ ઉપયોગ કરતા. છ મહિના સુધી ધમ્મગિરિ પર શિબિરો ચાલતી રહી અને જયાં સુધી ટ્રસ્ટે ઠેકેદારને પૈસા ન આપ્યા ત્યાં સુધી તેઓ એ જ સ્થિતિમાં રહ્યાં. અંતે ત્યાંનું ભંડોળ વધ્યું, વધારાના મકાનો બન્યાં અને એક પેગોડાનું નિર્માણ હાથ ધરાયું. એવો જ પેગોડા જેવો રંગૂનમાં સાયાજી ઊ બા ખિનના કેન્દ્ર પર હતો. પશ્ચિમી દેશોના ધમ્મસેવકો અને ભારતીય મજૂરો ખભેખભા મિલાવીને કામ કરતા. બર્મીઝ વિહાર બોધગયાના નિવાસીય બર્મી

અનુસંધાન પાના નંબર ૪ ઉપર...

કુલ કેટલી શિબિર કરી ? : ______

| ૧૦ દિ. | ૨૦ દિ. | ૩૦ દિ. | ૪૫ દિ. | સતિ પટ્ઠાન | સેવા ૧૦ દિ. | સેવા ૨૦ દિ. |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

આપ કયા ક્ષેત્રમાં પારંગત છો ? ______

આપ કયા પ્રકારની સેવા આપવા ઇચ્છો છો? ______

______

કોઇ વખત વિશેષ ધમ્મસેવાની જરૂરત હોય તો આપનો સંપર્ક કરી શકાય ? ______

______

______ ______

**ધમ્મકોટ કેન્દ્ર તથા સીટી ઓફિસના ફોન નંબર**

**ધમ્મકોટ કેન્દ્ર :**

૦૨૮૧ - ૨૯૨૪૯૨૪, ૨૯૨૪૯૪૨

મો.: ૯૩૨૭૯ ૨૩૫૪૦

૭૮૭૮ ૭૨૭૨ ૪૦

**સીટી ઓફિસ :**

૦૨૮૧ - ૨૨૩૩૬૬૬

મો.: ૭૮૭૮ ૭૨૭૨ ૨૩

૯૪૨૭૨ ૨૧૫૯૧

**પેજ નંબર ૩ થી ચાલુ....**

ભિક્ષુઓ કલાત્મક બાંધકામ અને પ્લાસ્ટરમાં મદદ કરવા આવ્યા. ૧૯૭૯ ની શરૂઆતમાં ધમ્મગિરિના પેગોડાનું વિધિવત ઉદ્‌ઘાટન થયું તે વખતે ત્યાં ઉપસ્થિત મહાનુભાવોમાં સાયામા ડા મ્યા ત્વિન (જેમણે ઉ બા ખિનના વિપશ્યના કેન્દ્ર પર તેમને મદદ કરેલી તેમજ સાધકોની સેવા કરેલી) અને તેમના પતિ ઊ છિટ ટિન હતા (જેમણે ઊ બા ખિન સાથે સરકારી કાર્યાલયમાં કામ કરેલું) આના થોડાક જ દિવસો બાદ બીજી એક મહત્ત્વપૂર્ણ ઘટના ઘટી. શ્રી ગોયન્કાજી પ્રથમ શિબિરનું સંચાલન કરવા વિમાનથી યૂરોપ ગયા જે મહિલાએ દસ વર્ષ પહેલાં ગોયન્કાજીને પોતાના દેશમાં આવવાનું નિમંત્રણ પાઠવેલું તેને તેમની એ વાત યાદ હતી. તેણે ગોયન્કાજીનો સંપર્ક સાધીને યોગ ટીચર્સના ફ્રેન્ચ ફેડરેશન તરફથી નિમંત્રણ મોકલ્યું.

**વિપશ્યના હિન્દી પત્રીકા માંથી સાભાર...**

## ધમ્મકોટ કેન્દ્ર ખાતે ૩૦ દિવસીય શિબિર તથા સતિપટ્ઠાન

**તા. ૩૦-૮-૧૪ થી તા. ૩૦-૯-૧૪ સુધી ૩૦ દિવસીય દીર્ઘકાલીન શિબિરનું આયોજન.**

**ઓછામાં ઓછા એક ૨૦ દિવસીય શિબિર પૂર્ણ કર્યા બાદ, કમ સે કમ છેલ્લા બે વર્ષથી નિયમિત અભ્યાસ કરતા હોય તેવા સાધકો ભાગ લઇ શકે છે.**

---

**સતિપટ્ઠાન શિબિર તા. ૩૦-૮-૧૪ થી ૭-૯-૧૪ સુધી જુના ગંભીર સાધકો માટે આયોજન કરેલ છે.**

## દોહા ધરમના

નમન કરું ગુરુદેવ કો, કૈસે સંત સુજાન ।<br>
કિતને કરુણા ચિત્ત સે, દિયા ધરમ કા દાન ॥

ધર્મ દિયા ગુરુદેવ ને, કૈસા રતન અમોલ ।<br>
મૃત્યુલોક કે જીવ કો, અમૃત કા રસ ઘોલ ॥

યાદ કરું જબ બુદ્ધ કી, કરુણા અમિત અપાર ।<br>
તન મન પુલકિત હો ઊઠે, ચિત્ત છાયે આભાર ॥

**એક્સેલ ક્રોપકેર લિમિટેડ**
૬/૨, રૂવાપરી રોડ, ભાવનગર - ૩૬૪ ૦૦૫.
ફોન : (૦૨૭૮) ૨૨૧૨૪૦૧-૨-૩ ની મંગલકામના

## દોહા ધરમના

નમસ્કાર ઉનકો કરું, જો સમ્યક સમ્બુદ્ધ ।<br>
જો ભગવત અરહન્ત જો, જો પાવન પરિશુદ્ધ ॥

નમન કરું મૈ ધરમ કો, કૈસા પાવન પંથ ।<br>
ઇસ પથ પર જો ભી ચલે, સહજ બન ગયે સંત ॥

કરું વંદના સંઘ કી, જો જગ ધરમ જગાય ।<br>
જાતિ વર્ણ કે ભેદ બિન, સન્તો કા સમુદાય ॥

**સોલંકી મિકેનિક વર્ક્સ**
૪૦/W ભક્તિનગર જી.આઇ.ડી.સી., રાજકોટ-૨.
ફોન : ૦૨૮૧ - ૨૩૬૨૧૮૯ ની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઇ મહેતા,** મુદ્રણ સ્થાન : નાઇસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઇન રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. **તંત્રી : ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.) રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ - ૧.

**વિપશ્યના 10 ઓગષ્ટ 2014** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઇગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

**ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-**

**'વિપશ્યના' Reg-No. GUJGUJ /2000/3013**
**Postal Reg. No. RAJKOT/450/2012-14**
**(Renewed upto 31.12.2014)**

**Weighs less than 10 gms**
Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
**Write PIN CODE for Correct Delivery**

If undelivered please return to :

**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
**ભાભા હોટેલ, પંચનાથ રોડ,**
**રાજકોટ - 360 001.**
**સિટી ઓફિસ : ફોન - (0281) 2233666**
**મોબાઇલ : 7878 7272 23**
e-mail : info@kota.dhamma.org
Web site : www.kota.dhamma.org